રે. દિ. મુ. નંબર : ૫૦/૨૦૨૪

સત્યમેव जयते

રજુ તારીખ : ૨૫/૦૬/૨૦૨૪
દાખલ તારીખ : ૨૫/૦૬/૨૦૨૪
ફેસલ તારીખ :૧૩/૦૪/૨૦૨૬
સમયગાળો : ૦૧ વર્ષ ૦૯ માસ ૧૯ દિવસ

# ભાણવડના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ભાણવડ

રે.દિવાની મુકદમા નંબર : ૫૦/૨૦૨૪
આંક :

વાદી : પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
મારફતે :- નાયબ ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
ભાણવડ સબ ડીવીઝન, ભાણવડ,
તા.ભાણવડ., જી.દેવભુમિ દ્વારકા.

વિરૂધ્ધ

પ્રતિવાદી: દીલાવરભાઈ મઝીદભાઈ સમા
ઉ.વ.આ.પુખ્ત, ધંધો : ખેતી,
રહે. આંગણવાડી સામે, રામેશ્વર પ્લોટ,
તા.ભાણવડ, જી.દેવભુમી-દવારકા

<u>દાવો : વિજ વપરાશની લેણી રકમ રૂા.૩૭,૯૫૩-૬૧ પૈસા વસુલ મળવા બાબત...</u>

.................................................................................................

વાદી તરફે વિ.વ.શ્રી : એમ.ટી.નાણાવટી
પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી : એકતરફી

.................................................................................................

## <u>જ જ મે ન્ટ</u>

(૧) આ કામના વાદી કાયદાથી રચાયેલ સંસ્થા છે અને પોતાના નિયમો ઘડી પશ્ચિમ ગુજરાતમાં વીજળી વિસ્તરણ અને વિતરણની સેવાઓ આપે છે. વાદી સંસ્થા વિજળી બીલ માટે ચોકકસ ટેરીફ (ભાવ) ધરાવે છે અને કાયદેસરના ગ્રાહકો જે વીજળી વાપરે તે વિજ પ્રવાહ એનર્જી મીટરમાં થઈને જે તે ગ્રાહકના વપરાશમાં જાય છે.

(૨) આ કામના પ્રતિવાદી રામેશ્વર પ્લોટ વિસ્તારનાં રહિશ છે અને રામેશ્વર પ્લોટમાં નુરાભાઈ સમાના નામે ચાલતા મકાનમાં ભોગવટો ધરાવે છે. આ કામના પ્રતિવાદીને પોતાના

ભોગવટા વાળા મકાન ઉપર પાવર ચોરી કરી વિજ વપરાશ કરેલો. આ કામના વાદી સંસ્થાના અધિકારી તા.૨૬/૦૫/૨૦૨૨ ના રોજ ચેકીંગમાં હતા તે વખતે રહેણાંક મકાને પ્રતિવાદીનાં પ્રતિનીધી મુમતાઝબેન હાજર હતા અને ઘરમાં વિજ મીટર ન હતુ અને ઘર પાસેથી વાદી કંપનીની હળવા દબાણની લાઈનનાં પોલ ઉપર પીળા રંગના ખાનગી કેબલથી લંગર નાખી ડાયરેકટ ફેઈઝ અને ન્યુટ્રલ હુક કરી જોડી દઈ પોતાના ઘરના વિજ સ્થાપન સાથે જોડી દીધેલા. હાજર મહિલાએ પ્રતિવાદીનું આધાર કાર્ડ રજુ કરેલ અને રોજકામમાં સહી કરી આપેલી. આ કામના વાદીના અધિકારીએ સ્થળ ઉપર તપાસણી અહેવાલ તૈયાર કરેલ. સ્થળ ઉપર એલ.ઈ.ડી.-૪, ટ્યુબ લાઈટ-૧, પંખા-૨, ટી.વી.-૧, વોટર કુલર-૧, ફ્રીઝ-૧, પાણીની મોટર-૧ મળી કુલ ૧૩૭૬ વોટ વિજળી વાપરતા પકડાયેલ અને વાદીના અધિકારીએ સ્થળ ઉપરથી ૧૮ મીટર જેટલો પીળા કલરનો કેબલ વાયર કબજે કરેલ.પ્રતિવાદીને વાપરેલ વિજળીનો વાદીના ધારા ધોરણ મુજબ હિસાબ કરી પ્રતિવાદીને વીજ બીલ આપવામાં આવેલ હતું જે વીજ બીલ ભરપાઈ કરેલ નહી. આમ, આ કામના પ્રતિવાદી પાસેથી વીજ બીલની રકમ ભરપાઈ કરવા નોટિસ પણ આ કામના પ્રતિવાદીને તા.૧૮/૦૮/૨૦23 ના રોજ પત્ર લખી નોટિસ આપેલી હતી, જે નોટિસ તેઓને મળી ગયેલ હોવા છતાં તેઓએ કોઈ જ જવાબ આપેલ નથી. આમ, આ કામના પ્રતિવાદી સામે તેઓને કાયદેસરની લેણી રકમ બાકી પડે છે. જે રકમ વસુલાત ન આપતા હાલનો દાવો કરવાની તેઓને ફરજ પડી હોવાની હકીકત જણાવી તેઓએ તેમના દાવા અરજીના પેરા નં. ૧૧ માં માંગ્યા મુજબની દાદ મેળવવા હાલનો દાવો કરેલ છે.

(૩) આ કામના પ્રતિવાદીને દાવાના સમન્સની ધોરણસર બજવણી થઈ ગયેલ હોવા છતા પ્રતિવાદીને કેસ કાર્યવાહીની જાણ હોવા છતાં હાજર રહેલા ન હોય, સબબ આ કામના પ્રતિવાદી વિરૂધ્ધ આંક ૧ લગત એકતર્ફી કામ આગળ ચલાવવાનો હુકમ ફરમાવવામાં આવેલ હતો. ત્યારબાદ પ્રતિવાદી વિ.વ.શ્રી મારફત હાજર થયેલ અને તેઓ દવારા કામ એક તરફી ચલાવવાનો હુકમ રદ કરી કામ બાયપાર્ટી ચલાવવાની અરજી આપતા કામ બાયપાર્ટી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ. પરંતુ ત્યારબાદ પ્રતિવાદી તરફે તેઓના વિ.વ.શ્રી છુટા થતા તે સબંધે પ્રતિવાદીને હાજર થવા નોટીસ આપવામાં આવેલ પરંતુ ત્યારબાદ પ્રતિવાદી હાજર રહેલ નહી કે તેઓ તરફે કોઈ રિપોર્ટ રજુઆત ન હોય તેનો જવાબનો હકક બંધ કરી કામ આગળ ચલાવવામાં આવેલ.

(૪) દાવામાં રજુ થયેલ નિવેદનો તથા દસ્તાવેજી આધારે નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલ છે.

| SR.NO | I S S U E S |
|---|---|
| 1. | શું વાદી પુરવાર કરે છે કે, આ કામના પ્રતિવાદી ભાણવડ ગામના રામેશ્વર પ્લોટમાં પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાને ગેરકાયદેસર રીતે વીજ |

| | |
|---|---|
| | કનેકશન કે મીટર વગર કંપનીની હળવા દબાણની લાઈનના પોલ ઉપર પીળા રંગનો ખાનગી કેબલથી લંગર નાખી વીજ ચોરી કરતા પકડાયેલ હતા? |
| 2. | શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી પોતાના રહેણાંક મકાનમાં એલ.ઈ.ડી.–૪, ટ્યુબલાઈટ–૧, પંખા–૨, ટીવી–૧, વોટર કુલર–૧, ફ્રીઝ–૧, પાણીની મોટર–૧ મળીને કુલ ૧૩૭૬ વોટ વીજળી વાપરતા પકડાયેલ હતા ? |
| 3 | શું વાદી પુરવાર કરે છે કે, વાદી કંપની દવારા વીજ વપરાશ અન્વયે ગણતરી કરી વીજ વપરાશના રૂા.૨૭,૦૬૨–૬૦ પૈસાનુ બીલ પ્રતિવાદીને આપેલ હતુ જે બીલ ભરવામાં પ્રતિવાદીએ કસુર કરેલ હતી ? |
| 4 | શું વાદી તેઓની દાવા અરજીમાં જણાવેલ રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલા ટકા લેખે વ્યાજ મેળવવા હકકદાર છે ? |
| 5 | શું વાદી તેઓની દાવા અરજીના પેરા નં.૧૧ માં માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| 6 | શું હુકમ અને હુકમનામું ? |

(૫) દાવામાં રજુ થયેલ પુરાવાને દાવા અરજી તથા લેખિત જવાબ સાથે ઘ્યાને લેતા ઉપરોકત મુદદાઓ અંગે નીચે મુજબના તારણો આપવામાં આવેલ છે.

| SR.NO. | FINDINGS |
|---|---|
| 1. | હકારમાં |
| 2. | હકારમાં |
| 3. | અંશત: હકારમાં |
| 4 | અંશત: હકારમા, ૬ % ના વાર્ષિક વ્યાજ સહીત |
| 5. | અંશત: હકારમાં |
| 6. | આખરી હુકમ મુજબ |

(૬) દાવાના કામે પક્ષકારો તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે.

(અ) વાદી તરફે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા

| ક્રમ | દસ્તાવેજનો પ્રકાર | આંક |
|---|---|---|
| ૧. | નાયબ ઈજનેર સંદિપકુમાર અંબેલાલ પટેલનું પુરાવાનુ સોગંદનામું | ૧૬ |

| | | |
|---|---|---|
| ૨. | વાદી કંપનીના સાહેદ દેવેન્દ્રભાઈ રામજીભાઈ પરમાર પુરાવાનુ સોગંદનામું | ૩૯ |
| ૩. | દાવો દાખલ કરવાની પરવાનગીનો પત્ર | ૧૯ |
| ૪. | દાવો દાખલ કરવાની પરવાનગી | ૨૦ |
| ૫. | એફ.આઈ.આર.નો જાવક | ૨૧ |
| ૬. | એફ.આઈ.આર. | ૨૨ |
| ૭. | ચેકીંગ શીટ | ૨૩ |
| ૮. | રોજકામ | ૨૪ |
| ૯. | સ્થળના ફોટોગ્રાફ | ૨૫ |
| ૧૦. | એનેક્ષર–૪ | ૨૬ |
| ૧૧. | ગેઈટ પાસ | ૨૭ |
| ૧૨. | ગણતરી પત્રક | ૨૮ |
| ૧૩. | વીજ ચોરીનું બીલ | ૨૯ |
| ૧૪. | કંપાઉન્ડીંગ ચાર્જનું બીલ | ૩૦ |
| ૧૫. | પુરવણી બીલનો પત્ર | ૩૧ |
| ૧૬. | વકીલ મારફતેની નોટીસ | ૩૨ |
| ૧૭. | રજીસ્ટર એડીની પાવતી | ૩૩ |
| ૧૮. | એકનોલેજમેન્ટ | ૩૪ |
| ૧૯. | સ્થળ તપાસણી અહેવાલ | ૩૫ |
| ૨૦. | બ્રીફ નોટ | ૩૬ |
| ૨૧. | પ્રફોમા–૧૨ | ૩૭ |

બાદ આ કામે આંક : ૪૦ થી વાદી તરફે કલોઝીંગ રજુ રાખવામાં આવેલ છે. વાદીના વિ.વ.શ્રીની દલીલ સાંભળી. આ કામે પ્રતિવાદી તરફે હાજર રહેતા ન હોય તેની દલીલ સાંભળી શકાયેલ નથી.

(૭) દાવાના કામે ઘડવામાં આવેલ મુદદાના જવાબના મારા કારણો નીચે મુજબ છે. આ કામે ઉપરોકત મુદદા નંબર : ૧ થી ૬ ની હકિકત વંચાણે લેતા પરસ્પર એક બીજા સાથે સંકળાયેલ હોય તેના કારણોની નોંધ એક સાથે કરવામાં આવેલ છે.

:: કા ર ણો ( મુદદા નંબર : ૧ થી ૬ સબબ સંયુકત ) ::

(૭.૧) આ કામે દાવાની હકિકત પુરવાર કરવાની પ્રાથમિક જવાબદારી વાદીની રહે છે. આ કામે વાદી તરફે પોતાની દાવાની હકિકત પુરવાર કરવા મૌખિક પુરાવો રજુ રાખવામાં આવેલ છે. જેઓએ આ કામે સી. પી. સી. હુકમ : ૧૮ નિયમ : ૪ મુજબ લેખિતમાં સોગંદ પર સરતપાસનુ સોગંદનામુ રજુ રાખી દાવાની હકિકતને સમર્થન પુરુ પાડેલ છે. તેમજ આંક–૩૯ ના સાહેદ ધ્વારા દાવાની હકીકતને સમર્થન આપેલ છે અને આ કામના પ્રતિવાદીએ ચોરી કરેલ હોય, તેવી હકીકતને સમર્થન કરેલ છે. તેમજ આંક– ૩૯ વાળા સાહેદ ખુદ ચોરી પકડનાર હોવાની હકીકત તેઓને તેમની લેખિત સરતપાસ દરમ્યાન જણાવવામાં આવેલ છે. તેમણે કરેલ કાર્યવાહી અંગેનો પુરાવો રજુ રાખેલ છે, તે સંજોગોમાં વાદી તરફે રજુ મૌખિક પુરાવાની સત્યતા અને દાવાની હકીકતે બનાવ બનેલાની હકિકત શંકાસ્પદ બનેલ નથી. આ કામે વાદીનો કેસ છે કે પ્રતિવાદીએ વીજ ચોરી કરેલ હોય, વીજ ચોરી અંગેનું વીજ બીલ આ કામના પ્રતિવાદીને આપવામાં આવેલ હોવાની હકીકત તેઓને તેમની લેખિત સરતપાસ દરમ્યાન જણાવેલ છે. વધુમાં આ કામના પ્રતિવાદીએ હાજર રહી તેઓનો બચાવ કરેલો નથી. જેથી તે હકીકતો નહી માનવાને કોઈ કારણ નથી.

(૭.૨) આ કામના વાદી ધ્વારા તેઓની દાવા અરજી તથા સોગંદ ઉપરની જુબાની વંચાણે લેવામાં આવે તો આ કામના વાદી, પ્રતિવાદી પાસેથી વીજ ચોરીની રકમ નીકળતી રકમ રૂા.૩૭,૯૫૩–૬૧ પૈસા મેળવવા માટે દાવો કરેલ હોવાની હકીકત જણાવવામાં આવેલ છે. તેમજ તેઓ ધ્વારા તે જ રકમ માટે નોટિસ આપેલ હોવાની હકીકત પણ જણાવવામાં આવેલ છે. જયારે આ કામે આંક–૨૯ થી રજુ રાખવામાં આવેલ બીલ ધ્યાને લેવામાં આવે તો તેમાં બિલની રકમ રૂા.૨૭,૦૩૨–૫૯ પૈસા જણાવવામાં આવેલ છે તેમજ આંક– ૩૧ વાળો પત્ર ધ્યાને લેવામાં આવે તો તેમાં પણ બીલની રકમ રૂા.૨૭,૦૩૨–૫૯ પૈસા દર્શાવવામાં આવેલ છે. તેવા સંજોગોમાં આ કામના વાદી, પ્રતિવાદી પાસેથી રૂા.૨૭,૦૩૨–૫૯ પૈસા માંગતા હોવાની હકીકત હકીકત પુરવાર કરી શકેલા હોય, સબબ મુદદા નંબર : ૧ તથા ૨ નો જવાબ હકારમાં તથા નં.૩ નો જવાબ અંશત: હકારમાં ઠરાવવામાં આવે છે.

(૭.૩) આ કામે વાદી સંસ્થા ધ્વારા પ્રતિવાદી પાસેથી વિલંબીત ચાર્જ તથા ૧૫ ના દરે વ્યાજની માંગણી કરવામાં આવેલ છે. વાદી સંસ્થા વીલંબીત ચાર્જ અને લેણી રકમ પર વ્યાજ એકસાથે મેળવી શકે નહી. વધુમાં આ કામે વાદી સંસ્થા અને પ્રતિવાદી વચ્ચે વીલંબીત ચાર્જ તથા વ્યાજના દર બાબત કોઈ કરાર પણ થયેલ નથી. તેવા સંજોગોમાં આ કામના વાદી પ્રતિવાદી પાસેથી કરાર થયલ હોય તો અને તો જ તેઓ ૧૫% વ્યાજ સહીત તે રકમ વસુલાત મેળવી શકે છે. જો તે માટે કોઈ આધારની જરૂરીયાત હોય, તો અત્રેની અદાલત નામ. SYNDICATE BANK, CHENNAI V/S MOHAN BROTHERS reported in 2004

(10) SCC 549 Supreme Court held that where the contractual rate of interest is mentioned, court can grant as per the terms and condition fixed between the parties. આમ, ઉપરોકત સંજોગો ધ્યાને લેવામાં આવે તો આ કામે પક્ષકારો વચ્ચે કોઈ જ કરાર થયેલ નથી. જે સંજોગોમાં વાદી સંસ્થાને લેણી રકમ પર ૧૫% વ્યાજ મેળવવા હકદાર બનતા ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. વધુમાં વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી વિલંબીત ચાર્જ અગરતો વ્યાજ પૈકી એક મેળવવા હકકદાર ઠરી શકે. આ કામે જયારે પક્ષકારો વચ્ચે વ્યાજ સબબ કોઈ કરાર કે સમજુતી થયેલ ન હોય ત્યારે વાદી સંસ્થા સી.પી.સી. કલમ : ૩૪ અન્વયે વ્યાજ મેળવવા હકકદાર ઠરી શકે અને પ્રવર્તમાન વ્યાજના દરને કેસની હકિકત સાથે ધ્યાને લેતા વાદી સંસ્થા ધ્વારા માંગવામાં આવેલ ૧૫ ટકાના દરે વ્યાજ અતિશયોકિત ભર્યુ જણાય છે અને તે સંજોગોમાં પ્રવર્તમાન વ્યાજના દરે હુકમ કરવો ન્યાયિક નિર્ણય કરવો ન્યાયિક ગણી વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી દાવાાની તારીખથી કામચલાઉ આકારણી બીલની રકમ પર ૬ ટકાના દરે વ્યાજ મેળવવા હકકદાર જણાય છે. અને તે સંજોગોમાં મુદદા નંબર : ૪ તથા ૫ નો જવાબ અંશત:હકારમાં ઠરાવી મુદદા નંબર : ૬ સબબ નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

:: હુ ક મ ::

(૧) આથી વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આથી વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી રકમ રૂા.૨૭,૦૩૨–૫૯ પૈસા (અંકે રૂપિયા સત્યાવીશ હજાર બત્રીસ અને ઓગણસાઈઠ પૈસા પુરા) વાર્ષિક ૬ ટકાના દરે દાવાની તારીખથી વસુલ ન થાય ત્યાં સુધી મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) પ્રતિવાદીએ વાદી સંસ્થાને ઉપરોકત હકિકતે લેણી રકમ ચુકવી આપવી.

(૪) પ્રતિવાદીએ પોતાનુ તથા વાદી સંસ્થાના દાવાનું ખર્ચ ભોગવવુ.

(૫) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ તારીખ ૧૩ મી માહે–એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ મારા સહી–સિકકા કરી જાહેર કર્યો.

મુકામ : ભાણવડ.
તારીખ: ૧૩–૦૪–૨૦૨૬

(ચેતન હરેશકુમાર માંડલિયા)
મુખ્ય સીવીલ જજ, ભાણવડ.
કોડ નં.જી.જે.૦૧૬૮૮